# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર : પારો ૬.૮ ડીગ્રી

**રાજયમાં સૌથી ઠંડુ શહેર બન્યુ : છેલ્લા ચાર વર્ષ દરમિયાન ડિસેમ્બરમાં આજનો દિવસ સૌથી વધુ ઠંડો : શહેરમાં ઠંડીનો સપાટો :રાત્રિના જનજીવનમાં સન્નાટો છેલ્લા ૧૦ દિવસથી ઠંડીનો પારો સિંગલ ડિઝીટમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી : મોર્નિંગ સ્કુલમાં શાળાએ જતા વિદ્યાર્થીઓનો સમય બદલવા વાલીઓની માંગ**

ગાંધીનગર તા ૨૭ ગાંધીનગરમાં આજે ઠંડીનો પારો ૬.૮ ડિગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઇ હતી. સમગ્ર ગુજરાતમાં હરિયાળુ શહેર સૌથી ઠંડુ નગર બન્યુ હતુ. નગરજનો કાતિલ ઠંડીની અસરથી ઠુંઠવાયા હતા. છેલ્લા ચાર વર્ષમાં ડિસેમ્બર મહીનામાં આજનો દિવસ સૌથી વધુ ઠંડો પુરવાર થયો હતો. છેલ્લા ૧૦ દિવસથી ઠંડીનો મિજાજ ઉગ્ર રહયો છે. ગઈકાલે પણ ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર રહ્યો હતો. જો કે ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી જેટલો નીચે ઉતરતા અચાનક જ કોલ્ડવેવનુ આક્રમણ વધી ગયુ છે. દિવસ દરમિયાન પણ આજે કોલ્ડવેવની અસર વર્તાઈ હતી. આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન પણ વિશેષ પ્રભાવિત થયુ હતુ. જયારે ખુલ્લામાં રહેતા શ્રમિક પરિવારોની હાલત વધુ કફોડી બની હતી. આક્રમક ઠંડીના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ દમ શ્વાસના દર્દીઓ પણ તકલીફમાં મુકાયા છે. શરદીની મોસમ ઉગ્ર બનતા જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે.



ગાંધીનગરમાં ઠંડીની દ્રષ્ટીએ આ વર્ષે ડિસેમ્બર મહીનો વધુ આકરો પુરવાર થયો છે. અગાઉ ઠંડીનો પારો ૭.૨ ડિગ્રી પહોંચી ગયો હતો. જયારે અત્યાર સુધી બે વાર ગાંધીનગર સમગ્ર રાજયમાં સૌથી ઠંડાગાર શહેર તરીકે પણ ઉભરી આવ્યુ હતુ. છેલ્લા ૧૦ દિવસથી ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર સિંગલ ડિઝીટમાં છે. ત્યારે રોજબરોજ લઘુત્તમ તાપમાનમાં આંશિક વધઘટ જોવા મળી રહી છે. ગઈકાલે ઠંડીનો પારો ૯.૪ ડિગ્રીએ રહ્યો હતો. જયારે આજે લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી ગગડતા આજે સિઝનની મહત્તમ ઠંડી ૬.૮ ડિગ્રી નોંધાઇ હતી. જેના લીધે સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી વધુ ઠંડુ શહેર બન્યુ હતુ.ગાંધીનગર આકરી ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. અગાઉ વર્ષ ૨૦૧૪ દરમિયાન ડિસેમ્બર મહીનામાં ૬ ડિગ્રી સુધી લઘુત્તમ તાપમાન પહોંચ્યુ હતુ. ત્યારબાદ આ પ્રથમવાર ડિસેમ્બર દરમિયાન આટલી હદે ઠંડી આક્રમક બની છે.સામાન્ય રીતે અત્યાર સુધી જાન્યુઆરી તેમજ ફેબ્રુઆરીમાં આકરી ઠંડી અનુભવાતી



● અનુસંધાન પાના - ૭ પર

## હજુ, હાડ થીજવતી ઠંડી પડશે

ગાંધીનગર ઠંડીથી થરથર ધ્રુજી રહ્યું છે ત્યારે હજુ આગામી દિવસોમાં હાડ થીજવતી ઠંડી પડશે તેવી આગાહી જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે કરી છે.

અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે હજુ પણ, દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થતાં હાડ થીજવતી ઠંડી પડશે. દેશના પશ્ચિમ ભાગમાં પશ્ચિમી વિક્ષેપની અસરના લીધે તેમજ શિયાળુ ઠંડી પવનોની વિશિષ્ઠ સ્થિતિના લીધે આગામી દિવસોમાં હાડ થીજવતી કાતીલ ઠંડી પડશે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાનના ભાગોમાં પણ જોરદાર ઠંડી પડે. કોઈ કોઈ ભાગોમાં ન્યુનતમ તાપમાન ૫ ડીગ્રી સેલ્સીયસથી પણ નીચું જવાની શકયતા રહે છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં તા. ૨૮, ૨૯ સામાન્ય વાદળો આવે. લઘુત્તમ ઉષ્ણતામાનમાં થોડો વધારો થવા છતાં પવનોના લીધે ઠંડી હવા ગાત્રો થીજવે. ડિસેમ્બરના અંતથી જાન્યુઆરી ૨૦૧૯થી તા. ૫ સુધીમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના ભાગોમાં હાડ થીજવતી ઠંડી પડે. કોઈ કોઈ ભાગોમાં ન્યુનતમ તાપમાન ૭ ડિગ્રી સોલ્સીયસથી પણ નીચુ જવાની સંભાવના રહે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પુનઃ હિમવર્ષા થતાં જાન્યુઆરી તા.૧૪ સુધીમાં ઉત્તરીય પ્રદેશો, પશ્ચિમ ભાગ દેશના મધ્યભાગ અને કેટલાક પૂર્વીય ભાગોમાં ઠંડીનું જોર વધશે. આ અરસામાં ગુજરાતના કેટલાક ભાગોમાં પણ હવામાન કથળશે અને કેટલાક ઠેકાણે માવઠા જેવો માહોલ સર્જાય ડીસેમ્બરના અંતથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધીમાં પણ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છના ભાગોમાં ઠંડી જોરદાર પડશે. મહારાષ્ટ્રના વિધર્મના ભાગો, દક્ષિણ ગુજરાતના ભાગોમાં ઠંડી પડે. નવસારી, વલસાડ વિગેરે ભાગોમાં ઠંડીનું જોર રહેશે.

## આહીર રેજીમેન્ટના મુદે જિલ્લા કલેકટરને આવેદનપત્ર

આહીર રજીમેન્ટ મુદ્દે આંદોલનકારી પ્રવિણ રામે દિલ્હી ખાતે ધરણા પર બેસવાની મંજુરી માંગી હતી. પરંતુ તંત્ર દ્વારા પરમિશન ના અપાતા



આહીર સમાજ દ્વારા સમગ્ર ગુજરાત અને ભારતભરમાં વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. આહીર રેજીમેન્ટ બનાવવામાં આવે તે માટે સમાજ દ્વારા

● અનુસંધાન પાના - ૭ પર

## પાણી શુધ્ધિકરણના અંતે જીઈબીને સપ્લાય આપવા બે કરોડના ખર્ચે નવી લાઈન નંખાશે

**સે-૨૮ બાલોદ્યાનની સાથે હવે થર્મલ પાવર સ્ટેશનને પણ રોજ ૪૦ એમએલડી પાણી સપ્લાય કરવા આયોજન**

ગાંધીનગર તા ૨૭ સરગાસણમાં પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવા માટે ટુંકમાં જ કામગીરી શરૂ કરી દેવાશે. જયારે આ પાણીનો સપ્લાય જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને આપવા માટે પણ સે-૨૮ બાલોદ્યાનથી નવી પાણીની લાઈન આપવામાં આવશે. આ પાઈપલાઈન લંબાવાની કામગીરી પાછળ પણ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરના ઉદ્યાનોને પાણી પુરુ પાડવા માટે સરગાસણ ખાતે નવો પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે. જયારે આ વ્યવસ્થાના આધારે જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પણ રોજ પાણી સપ્લાય કરાશે. હાલ સરગાસણ ખાતે ૧૦ એમ એલ ડીનો પ્લાન્ટ છે. જેના આધારે શહેરના સ્વર્ણિમ પાર્ક , સરીતા ઉદ્યાન તેમજ નવા સચિવાલય સંકુલ અને સે-૨૮ ના બગીચાને પાણી સપ્લાય કરવામાં આવે છે. આ વ્યવસ્થાના લીધે સરકારને હરિયાળી જાળવી રાખવા તેમજ બગીચાઓની દરકાર લેવા માટેના ખર્ચમાં સરળતા રહે છે. જયારે પાણીનો બગાડ પણ અટકાવી શકાય છે. બીજીતરફ આગામી દિવસોમાં નવો પ્લાન્ટ તૈયાર કરવા માટે પણ આખરી આયોજન કરી દેવાયુ છે. જયારે નવી કાર્યયોજનાની કામગીરીના અંતે નગરના અન્ય ઉદ્યાનોને પણ પાણી સપ્લાય કરાશે. આ ઉપરાંત જી ઈ બી ને પણ પાણી અપાશે. આ માટે નવી લાઈન પણ નાંખવામાં આવશે. હાલ નગરના બાલોદ્યાનને પાણી આપવામાં આવી રહ્યુ છે .જેથી અહીં સુધી પાણીના સપ્લાયની લાઈન છે. જયારે નવા આયોજનને અનુલક્ષી પાણીની લાઈન પણ અપગ્રેડ કરવામાં આવશે. સે -૨૮ બાલોદ્યાનથી  જી ઈ બી સુધી પાણીની નવી લાઈન નાંખવા માટે પણ ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. આ કામગીરી પાછળ

● અનુસંધાન પાના - ૭ પર

## મુખ્યમંત્રીના વિવાદિત બોલથી મહેસુલી કર્મયોગીઓમાં નિરાશા અને રોષ

ગાંધીનગર, તા. ૨૭ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મહેસુલ વિભાગ ભ્રષ્ટાચારથી ખદબદતો હોવાના કરેલા વિવાદાસ્પદ ઉચ્ચારણોને લઈ રાજયભરના મહેસુલી કર્મચારીઓમાં રોષ અને નિરાશાનો માહોલ ઉભો થવા પામ્યો છે.

આ વિવાદિત બયાનને પગલે આજે જિલ્લા મહેસુલી કર્મચારી મંડળના પ્રમુખ વિરમભાઈ



● અનુસંધાન પાના - ૭ પર





